# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-09-2025 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## રાષ્ટ્રીય આર્યુવેદ દિવસની ઉજવણી:

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇમોદીના નેતૃત્વમાં આયુષ મંત્રાલય દ્વારા આયુર્વેદના મહત્વ, સર્વાંગીસ્વાસ્થ્ય અને તેની સુસંગતતા વિશે જાગૃતિ લાવવા દર વર્ષે ૨૩ સપ્ટેમ્બરના રોજ‘રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ’ ઉજવવામાં આવે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રપટેલના માર્ગદર્શનમાં અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં રાજ્યના આયુષપ્રભાગ દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન સ્ત્રી અને બાળ રોગ, વયોવૃદ્ધ અવસ્થાસંબંધિત રોગ, જીવનશૈલી સંબંધિતરોગોના કાયમી નિદાન માટે રાજ્યભરમાં અંદાજે ૮ હજાર કરતાં વધુ આયુર્વેદિક કેમ્પ અનેસ્વાસ્થ્ય શિબિરોનું આયોજન કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, દેશમાં સૌપ્રથમ ‘આયુર્વેદ દિવસ’ની ઉજવણી ‘ડાયાબિટીસનાનિવારણ અને નિયંત્રણ માટે આયુર્વેદ’ની થીમ પર વર્ષ ૨૦૧૬થી શરૂ કરવામાં આવી હતી.લાઈફ સ્ટાઈલ ડિસઓર્ડર એટલે કે જીવનશૈલી સંબંધિત વિકૃતિઓ, આબોહવા સંબંધિતરોગો અને સ્ટ્રેસ મેનેજમેન્ટ જેવા વૈશ્વિક સ્વાસ્થ્ય પડકારોને ધ્યાનમાં રાખીને“આયુર્વેદ ફોર પીપલ એન્ડ પ્લેનેટ” થીમ પર ચાલુ વર્ષે ૧૦માં ‘આયુર્વેદ દિવસ’નીઉજવણી કરવામાં આવી રહી છે.

------------------------------------------------------------------------------------------

## નવા GST દરો :

નવા GST દરો આજથી અમલમાં આવ્યા છે. 12 ટકા અને 28 ટકાના ટેક્સ સ્લેબને હવે ફક્ત 5 ટકા અને 18 ટકાના સ્લેબ લાગુ કરાયા છે. લક્ઝરીઉત્પાદનો સિવાય તમામ માલ અને

સેવાઓ આ બે સ્લેબ હેઠળ આવશે. જીએસટીના નવા દરોનેવિવિધ ક્ષેત્રના વેપારીઓ અને નાગરિકો આવકારી રહ્યા છે.

---

## ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના અધિકારી-કર્મચારીઓ અને તેમના પરિવારના આરોગ્યની સુખાકારી માટે “ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના”નો આજે ગાંધીનગર ખાતેથી પ્રારંભ કરાવ્યો છે. આ પ્રસંગે મુખ્યમંત્રીએ આ યોજનાના લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ એનાયત કર્યા તેમજ 94 નવી 108 એમ્બ્યુલેન્સનું પ્રસ્થાન કરાવ્યું. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યુ હતું કે આ યોજનાથી સરકારી અધિકારી-કર્મચારી અને તેમના પરિવારની આરોગ્ય સુખાકારીમાં વધારો થશે.

---

## સ્વચ્છતા હી સેવા-2025 અંતર્ગત અભિયાન:

“સ્વચ્છતા હીસેવા-૨૦૨૫” અંતર્ગત માંડવી,અંજાર, નખત્રાણા, ભુજ સહિતનાશહેરોમાં સામાન્ય સફાઈની કામગીરી અંતર્ગત તમામ વાણીજ્ય વિસ્તાર, રહેણાંક વિસ્તારોઅને સ્લમ વિસ્તારોની સફાઈ, બાગ-બગીચાઓ, ફૂટપાથ સફાઇ સહિતની કામગીરી હાથ ધરાઇ હતી. આ સાથેગ્રામ્યસ્તરે પણ વિવિધ કામગીરી કરાઇ હતી.

ગઢશીશા ખાતે જીએમડીસીનાકર્મચારીઓ દ્વારા સ્વચ્છતા શપથ સાથે તળાવ વિસ્તારની સફાઇ કરાઇ હતી. ગઢશીશામાંધારાસભ્ય અનિરુધ્ધભાઇ દવેની ઉપસ્થિતિમાં સફાઇ અભિયાન હાથ ધરાયું હતું. મોટાલાયજા, વાંઢીયા, કબરાઉ, આમરડી, આધોઇ, કડોલ, મોરગર, પડાણા, મીઠી રોહર, ભીમાસર, મોડસર, ખેંગારપર, મઉં મોટી, રત્નાપર, વેરસલપર, મોય ગામ, વાંઢીયા, મોટા કાંડાગરાસહિતના ગામમાં વૃક્ષારોપણ,શાળા સફાઇ, જાહેર માર્ગો, આંગણવાડી, પંચાયત ઘર સહિતનીસફાઇ હાથ ધરાઇ હતી. અબડાસા તથા માંડવી તાલુકા પંચાયત કચેરી, જિલ્લા ગ્રામવિકાસ એજન્સીમાં પણ કર્મચારીઓ દ્વારા સફાઇ અભિયાન તથા રેકર્ડ વર્ગીકરણ હાથ ધરાયુંહતું.

આ સાથે જ શાળા તથાઆંગણવાડીકક્ષાએ પણ જાગૃતિ વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરાઇ હતી.

---

## માતાના મઢમાં નવરાત્રીની ઉજવણી:

કચ્છની કુળદેવી આશાપુરામાતાજીના સ્થાનક માતાના મઢ ખાતે નવરાત્રિની ઉજવણીનો પ્રારંભ થયો છે. અમાસની રાત્રેપરંપરાગત રીતે ઘટસ્થાપનની ધાર્મિક વિધિ સંપન્ન કરવામાં આવી હતી.નવરાત્રિના પ્રથમ દિવસેસવારથી જ મંદિરમાં માતાજીના દર્શન માટે ભક્તોની ભારે ભીડ જામી છે. છેલ્લા છ દિવસથીમાઈ ભક્તોનો પ્રવાહ અવિરત ચાલુ છે. ભક્તોની સુવિધા માટે જાગી ટ્રસ્ટ દ્વારા વિવિધવ્યવસ્થાઓ કરવામાં આવી છે.

---

## પાકને નુકસાન:

નખત્રાણા તાલુકાના માકપટમાં ચોમાસાના આરંભથી શ્રીકાર વરસાદ વરસ્યાનાં કારણે ખેડૂતોએ કપાસ તથા એરંડાના પાકોનું મોટા પ્રમાણમાં વાવેતર કર્યું છે. ચોમાસા દરમ્યાન સારો અને સાનુકૂળ વરસાદ વરસ્યાના કારણે બંને પાકોના છોડ સોળે કળાએ ખીલ્યા હતા, પણ છેલ્લે પંથકમાં સરેરાશ 5થી 7 ઇંચ વરસેલા વરસાદથી છોડનાં પાંદડાં પીળા પડી ગયા છે અને પીળિયો નામના રોગથી પાકને નુકસાની થવાની ભીતિ ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. વરસાદથી ખેતરના કપિત રામમોલને પણ આંશિક નુકસાન થયુ હોવાના અહેવાલ છે.

---

## પીજીવીસીએલ ભુજ કચેરી:

પીજીવીસીએલભુજ વર્તુળ કચેરી અને ભુજ વિભાગીય કચેરી દ્વારા કુકમા પેટાવિભાગ કચેરી ભુજ ગ્રામ્યપેટા વિભાગીય કચેરી તેમજ ભુજ શહેર પેટા વિભાગીય કચેરી-01 અને 02નાતાબા હેઠળના વિસ્તારોમાં પી.એમ. સૂર્યઘર મફત વિજળી યોજના અંતર્ગત

લોકજાગૃતિ માટેસુમરાસર, કુકમા અને ભુજ શહેરમાં શેરી નાટકો યોજાયાંહતાં. નાટકોમાં પી.એમ. સૂર્યઘર મફત વીજળી યોજના વિશેની માહિતી અને સોલાર રૂફટોપ પરતેમજ વ્યવસાયિક પ્રતિષ્ઠાનો પર લગાડવાથી થતા ફાયદાઓની સમજ અપાઇ હતી. કલાકારોદ્વારા સોલાર કાયદાની રજૂઆત કરાઇ હતી.

---

## પશુ ઉછેરક માલધારી સંગઠનની સભા:

ભુજતાલુકાના બન્ની વિસ્તારના હોડકોમાં રવિવારે બન્ની પશુ ઉછેરક માલધારી સંગઠનનીવાર્ષિક સાધારણ સભા મળી હતી, જેમાંનવેમ્બર મહિનાની 7, 8 અને 9 તારીખ દરમિયાન બન્ની પશુ મેળોયોજવાનો નિર્ણય લેવાયો હતો.

---